# -: ઈબાદત :-

ઈબાદત કરવી અકલમંદો અને અલ્લાહતઆલાની બેશુમાર નેઅમતો પર ફિક્ર કરનારનો શૈવો અને પૈશો છે. અલ્લાહએ ઈન્સાનને અકલ બખ્શીને તમામ મખ્લૂકાતથી ફાઝિલ બનાવો અને "અશરફુલ મખ્લૂકાત" ના લકબે અઝીમથી નવાઝો. જેમ આલમે અબ્દામાં અલ્લાહતઆલાએ ઘણી નૂરાની શિક્લોને પૈદા કીધી અને એમાંથી એકે પોતાની તખ્લીકમાં પોતાની ઝાત વાસ્તે જ સોચ્યું કે, તે પોતે પોતાની ઝાતનો ખાલિક નથી, અને તેનો ખાલિક તેનાથી ઝિયાદહ કુદરતવાલો અને કુવતવાલો છે; અને તે સબબ તેને નૂરે ઈલાહીની તાઈદ મીલી અને બીજી તમામ શિક્લોથી અફઝલ અને આઅલા થયો. આ જ બુનિયાદ પર ઈન્સાન જો આ તરહ પોતાની અકલથી સોચે અને ગૌર કરે કે આ અઝીમ અને વસીઅ આલમ કોના વાસ્તે છે? અને **પોતાની ઝાત કેટલી બેબસ, બેકસ અને લાચાર છે અને પોતાની પૈદાઇશનો કોઇ ખાસ મકસદ છે; અને તે બાદ પોતાના ખાલિકનો ઇલ્મ અને દિલથી બરાબર ઇકરાર કરે, એ જ હકીકી ઇબાદતે ઇલ્મીયાહ છે.**

જો અગર ઈન્સાન પોતાના નફસને સવાલ કરે કે, હું કોન છું? કોના વાસ્તે છું? કયાથી આવો છું? કઇ તરફ વલવાનો છું? શું હું પોતાનો ખાલિક છું? આ સવાલાતના જવાબ આપવામાં એના તસવ્વુર, તફક્કુર અને તદબ્બુરની હદો પાર થઇ જાય, તો એને સમઝી લેવું જોઇએ કે એનો દુનિયામાં વુજૂદ કોઇ ખાલિકના ઝરીએ છે કે જેનો કોઇ ખાસ મન્સૂબો છે. આ જ ચીઝને અલ્લાહતઆલા કુરઆને કરીમમાં બયાન ફરમાવે છે કે, "વમા ખલકતુલ જિન્ના વલ ઈન્સા ઈલ્લા લેયાઅબોદૂન", મેં ઈન્સાન તેમજ જિન્નાતને નથી પૈદા કીધા પણ તેઓ મારી ઈબાદત કરે." ઈબાદત કરવાના ઘણાં તરીકાઓ અને કૈફીયત છે. શહરૂલ્લાહિલ હરામનો ઝિલ્લે ઝલીલ આ ખલ્ક પર નંખાય અને લોગો જોત-જોતામાં નમાઝ, રોઝા અને તહજ્જુદ જેવી ઈબાદતોમાં પોતાના નફસને પૈરાસ્તા અને વાબિસ્તા કરી દે. દિન-બ-દિન ઈબાદત તેના રૂહાની ઔજ-ઊરૂજ પર પહોંચે અને મહીનાના ત્રીસ દિવસો પૂરા થાતા, જે મહીનામાં એક ખૈર અમલ અને આદતની ૭૦ ઘણી જઝા છે, એનો નુઝૂલ થાય, ઈબાદત ગુઝારો ઈદુલ ફિત્ર મનાવે અને આમ ઈબાદતના અઝીમુશ્શાન મહીના તમામ થઇ જાય.

ઈબાદતો થાય, એના અજરની માઅરેફત પણ થાય, અલ્લાહ તરફથી સવાબના હક્કદાર પણ થાય અને શયતાની સીરતથી ઈન્સાની દૂરી પણ થાય. શહરૂલ્લાહ ના આ તમામ ફાયદાઓ છે એમાં કોઇ શક નથી. પણ બાઝ ફાયદાઓ એવા છે જેને ઈબાદતગુઝારો હર વક્ત નઝરઅંદાઝ અને ફરામોશ કરી દે છે. **ફકત નમાઝ પઢવાનું નામ જ ઇબાદત નથી.** પણ નમાઝ પહેલા ઈન્સાન નૈક નિય્યત સાથે પોતાના લિબાસ અને મસલ્લાને પાક કરે છે, અને જે વક્તથી તેના દિલમાં ઈબાદતની નિય્યતે ખાલેસા પૈદા થાય છે તો તેની જઝા તેના અમલ કરતા ઝિયાદહ ઊંચી થાય છે. કોઈ મખ્સૂસ નમાઝના વક્તની પાબંદી, નમાઝી કપડાની પાબંદી, વુઝૂની પાબંદી, કિબ્લા તરફ રૂખ કરવાની પાબંદી, અલ્લાહની મસ્જિદના આદાબની બજા આવરી, મસ્જિદમાં તસ્બીહો તેહલીલ અને કુરઆની તિલાવતનો અમલ, દુઆ-તૌબા-ઈસ્તિગફારની સૌગાત અને મસ્જિદમાં હાઝિરીનનો શયતાની આઅમાલથી પરહેઝ અને દૂરી, મુમિન સાથે ઈબાદતમાં સોહબત, કૌમના ઈખ્વાન સાથે ઈત્તેહાદ-ઈત્તેફાકનો જઝબએ દિલી, મુત્તફેકા તૌર પર દુઆ વાસ્તે દસ્તદરાઝી, મુમિનના દિલોને દરમિયાન એતેલાફ અને મોહબ્બતનો સિલસિલો અને સલામો અલૈકનો તઅલ્લુક, મસ્જિદને અંદર ફરિશ્તાઓની હાઝિરી ની બરકાતે કુદસીયા અને આ તમામથી મઝીદ રઝાના સાહબની ઈમામતની નમાઝની બરકત. આ તમામ અને દીગર નુકતાઓ ઈબાદતે અમલીયાહમાં શામિલ છે.

સેહરીથી લઈને ઈફતાર તક ફક્ત ભૂખા-પ્યાસા રહેવાનું નામ જ રોઝું નથી, **પણ દિલ-ઝબાન-હાથ-પગ- કાન-આંખ થી એક રોઝાદાર બીજાને દિલઆઝારી અને રંજીદગીથી મેહફૂઝ રાખે.** રોઝું તો તે છે કે, જેથી રોઝાદારનો નફસ દુનિયાની શેહવતો અને જિસ્માની ખ્વાહેશાતથી સલામત રહે. જો અગર રોઝામાં ઈન્સાન પોતાના નફસ પર કાબૂ હાસિલ કરી શકે તો તે જ તેની ઈબાદતની મેઅરાજ છે.

રાતની આગોશમાં ઉઠીને શબ-બૈદારી કરી નિસ્ફીલ્લૈલ અને તહજ્જુદ ની નમાઝ પઢવી એ ફરિશ્તાઓની ઈબાદત છે. હકીકતમાં ઈન્સાન આ મહીનાઓના રઈસ-સરદાર શહરૂલ્લાહિલ હરામમાં પોતાની નફસ, ઝાત અને જિસ્મને તકલીફ આપીને પોતાના પરવરદીગારની બંદગી કરી તેની ખુશનૂદી હાસિલ કરે, તેથી જ અલ્લાહતઆલાએ આ મહીનાને જન્નતના સવાલ કરવાનો અને જહન્નમથી આઝાદી હાસિલ કરવાની ખુસૂસીયતના મહીનાથી નામઝદ કીધેલો છે.

**નમાઝ**

નેકીયાં ખૂબ બઢાતી હૈં નમાઝ
હર બુરાઈ સે બચાતી હૈં નમાઝ
કુફ્ર કો દિલ સે મિટા દેતી હૈં
અપને ખાલિક સે મિલાતી હૈં નમાઝ
હર મસાઈબ કો ટાલ દેતી હૈં
દીનો દુનિયા કો સજાતી હૈં નમાઝ
હૈં ઈન્આમાત કે વાઅદે ઈસમેં
રૂત્બા ઈન્સાં કા બઢાતી હૈં નમાઝ
જો ભી ઈસ ફર્ઝ કો અદા કરલે
આખેરત ઉસકી બનાતી હૈં નમાઝ
દિલકો રાહત સુકૂન હાસિલ હૈં
ક્યા કમાલાત દિખાતી હૈં નમાઝ. ★